Edition: Weekly News Paper | Contact Us

ઈગલ ન્યૂઝ

ઈગલ ન્યૂઝ રવિવાર તા. ૨૨-૦૯-૨૦૧૩ પાના નં. ૨

# બી.પી.કોલેજ ઓફ બીબીએમાં કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરાયું

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીબીએ, ગાંધીનગર દ્વારા આઈટી અને એફએસ સ્કિલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશના સહયોગથી તા. ૨૦-૯-૨૦૧૩ને શુક્રવારના રોજ કોલેજ કેમ્પસમાં સવારે ૧૦ થી બપોરે ૩ વાગ્યા સુધી સતત બે દિવસ કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત વિવિધ કોલેજોનાં વિદ્યાર્થીઓને ગીફટ સિટીમાં આવેલ નામાંકિત કંપનીઓ દ્વારા રોજગારીની તક પુરી પાડવામાં આવશે. આશરે ૪૯ વિદ્યાર્થીઓએ આ તકનો લાભ મેળવી પોતાની કાર્યક્ષમતા સાબિત કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજની પ્લેસમેન્ટ ટીમનાં સભ્યો ડો. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ તેમજ પ્રો. આશિષ ભુવાએ જહેમત ઉઠાવી હતી. કોલેજનાં પ્રિન્સિપાલ ડો. રમાકાન્ત પ્રુષ્ટીના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃત્તિ શક્ય બની હતી.